# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

બાર ગાવે બોલી બદલાતી હતી,
આખી દુનિયા તોય સમજાતી? હતી.

આ હવા જે એક બાજુએ વહે,
ભીડમાં એ ખૂબ અથડાતી હતી.

છેક દરિયામાં પહોંચે એ નદી,
વીરડેથી પણ ઉલેચાતી હતી.

ટેકરીઓ આડે આવી જાય છે,
એટલે કેડીઓ અટવાતી હતી.

ભરત વિંઝુડા

## પાથેય

- રમેશ ઠક્કર

# બોલીનો વૈભવ...

'ઝીણા મોર બોલે છે હો..લીલીના ઘરમાં..'અમારી ગામઠી શાળાના પ્રાંગણમાં જોશભેર આ ગીત ગવાતું ત્યારે મારા બાળમાનસને કાયમ પ્રશ્ન થતો..કે મોર ફક્ત લીલીના ઘરમાં જ શું કામ બોલે? પણ મારા એ વખતના શિક્ષકો મારા આ કુતૂહલને સમજવા અસમર્થ હતા..!

પછી મેં જાતે જ શોધી કાઢ્યું કે સાચો શબ્દ 'લીલી નાઘેર' છે..જે સૌરાષ્ટ્રનો તળપદો શબ્દ છે...લીલી નાઘેર એટલે ઘટાટોપ લીલું જંગલ..! પરંતુ લયની લીલા ઘણી વખત શબ્દોને ભુલાવી નાખે છે..બોલચાલની ભાષા અને સ્થાનિક લઢણનું પણ આગવું સૌંદર્ય હોય છે..

ઘણીવાર શબ્દો પણ માણસની જેમ છેતરામણા હોય છે..જેમકે હિન્દી શબ્દ અકલમંદ..પ્રથમ નજરે એવું લાગે કે અકલમંદ એટલે બુધ્ધિવગરનું પણ હકિકત માં એ બુધ્ધિવાન માટે વપરાય છે..! આવું જ સંદિગ્ધ અને અસંદિગ્ધ માટે છે...સંદિગ્ધ એટલે ષ્ક્ક્રીકુ અને અસંદિગ્ધ એટલે અસ્પષ્ટ..એવું પ્રથમ નજરે લાગે પણ છે એથી ઉંધું!

ચંદ્રકાન્ત બક્ષી શબ્દની વ્યુત્પત્તિને..શબ્દના ગોત્રને બખૂબી બહેલાવતા..એમને મૂર્ધન્ય સાહિત્યકારમાં મૂર્ધન્ય એટલે શું ? એનું કુતૂહલ રહેતું..! આપણા એક વિખ્યાત હાસ્યલેખકનો પરિચય આપતાં એક ઉત્સાહી સંચાલકે કહ્યું કે હવે.તેઓશ્રી આપણને એક હાસ્યાસ્પદ પ્રવચન આપશે...! એમનો કહેવાનો મતલબ હાસ્યસભર પ્રવચન આપશે એમ હતો...પણ શબ્દની ગુગલી ઘણીવાર માણસને બોલ્ડ કરી નાખે છે..!

પ્રદેશ સંસ્કૃતિ અનુસાર શબ્દો અને એની અર્થચ્છાયાઓ બદલાય છે..બોલચાલની ભાષા અને લખાણની ભાષામાં પણ ભેદ હોય છે... નોન ગુજરાતી એવા એક ઉચ્ચ અધિકારી મને હંમેશાં પુછતા કે 'લોચો' એટલે શું ? મેં કીધું લોચાના ઘણા અર્થ હશે પણ વહીવટમાં લોચો એટલે મુર્ખામીભરી ભુલ..! એમ તો સુરતમાં લોચો એ નામની વાનગી પણ છે..!

વાલ એટલે વ્હાલ પણ થાય અને વાલ નામનું કઠોળ પણ થાય ! શબ્દની આવી ઘણી લીલા છે..તત્સમ શબ્દો..તદભવ શબ્દો..તળપદા શબ્દો...પરભાષામાંથી આવીને પોતીકા થઇ ગયેલા શબ્દો..અવનવું વિશ્વ છે....નવા નવા લેખક તરીકે ઉમળકામાં મેં એક લબ્ધપ્રતિષ્ઠિત લેખકની પ્રશંસા કરી નાખેલી...સાહેબ આપની ભાષા જુગુપ્સાપ્રેરક છે..!એમણે ઠાવકાઇથી મને કહેલું 'દિકરા શબ્દકોશ પણ જોવાનું રાખ..'ત્યારથી શબ્દ એ નવીનક્કોર બ્લેડ છે એમ માની સાચવીને એને પ્રયોજવાનું શીખી લીધું છે...!!

# 'પઠાણ' - કઢંગીપણાની ચરમસીમા



મન-રંજન

દ્વનિલ પારેખ

શાહરુખ ખાન વિશ્વના પાંચ અભિનેતાઓમાં સૌથી વધુ કમાણી કરનાર ભારતીય અભિનેતા છે. એનો ક્રેઝ આજે પણ અકબંધ છે. 'પઠાણ' ફિલ્મને મળેલી સાબિતી એનો પુરાવો છે. 'પઠાણ' આમ જોવા જઈએ તો અત્યંત સામાન્ય કક્ષાની નબળી મસાલા ફિલ્મ છે. શા માટે એ નબળી ફિલ્મ છે. એના કારણે આ પ્રમાણે છે.

● ફિલ્મના કથાવસ્તુની માંડીને ગીત કે સંગીતમાં કશું જ નથી. ફિલ્મમાં માત્ર બે જ ગીતો છે અને એક ગીતના વિવાદનો લાભ ફિલ્મને બેશુમાર મળ્યો છે. આ ગીતમાં દીપિકા પાદુકોણ કઢંગા વસ્ત્રોમાં કઢંગી રીતે ડાન્સ કરે છે.

● ફિલ્મમાં પુષ્કળ મારધાડ છે. શાહરુખ ખાન રોમેન્ટિક ઈમેજ તોડીને એકશન હીરો તરીકે જરા પણ જામતો કે બંધબેસતો નથી. એને બદલે વિલન તરીકે જહોન અબ્રાહ્મ વધારે અસરકારક લાગે છે.

● ફિલ્મનું કથાવસ્તુ દેશભક્તિ પર આધારિત છે. છતાં એવો જુસ્સો સ્ક્રીપ્ટ લેખનમાં જોવા મળતો નથી. મારધાડના દશ્યો અવાસ્તવિક લાગે છે. શાહરુખ ખાન અને જહોન અબ્રાહ્મ જાણે સ્પાઈડરમેન હોય એમ છેવટ સુધી ઉડાઉડ કરે છે.

● શાહરુખ ખાને એની ત્રીસ વર્ષની ફિલ્મી કારકિર્દીમાં જેટલો ઠેકડા ન માર્યા હોય કે ઉડાઉડ ન કરી હોય એટલું આ એક જ ફિલ્મમાં કર્યું છે, જેથી ફિલ્મને વધુ ને વધુ અવાસ્તવિક બને છે.

● એકશન દશ્યોમાં પણ કશું નવું નથી. માત્ર અચાનક શાહરુખ ખાનની ટ્રેન ઉપર થતી ફાઈટને બાદ કરતા ચવાયેલા એકશન દશ્યો માથા પર હથોડા ઝીંકે છે અને સતત વાતાવરણને ટેન્સ રાખે છે.

● ડિમ્પલ કાપડિયા અને આશુતોષ રાણા અસરકારક છે પણ એમના ભાગે કશું કરવાનું આવતું નથી.

● ચિકન પોક્સની ફોર્મ્યુલા અને દેશભક્તિની ફોર્મ્યુલાનું મિશ્રણ પણ કથાને નવીનતા બક્ષી શકતું નતી. સંવાદો અબ્બાસ ટાયરવાલાના છે પણ એમાં પણ કોઈ દમ નથી.

● શાહરુખ ખાન અને દિપીકાએ આ ફિલ્મ શા માટે કરી હશે ? ચાર વર્ષે શાહરુખની ફિલ્મ રજૂ થઈ એનો પણ લાભ ફિલ્મનો મળ્યો પણ આ ટોચના અભિનેતા અભિનેત્રીએ આટલી નબળી ફિલ્મમાં અભિનય કરવાનું શા માટે સ્વીકાર્યુ હશે ?

● આદિત્ય ચોપડા એટલે કે યશરાજ બેનર્સ હેઠલ આટલી નબળી ફિલ્મ બને તો આદિત્ય ચોપડાના, જે પોતે સારો દિગ્દર્શક છે એના ધ્યાનમાં પણ ન આવ્યું હોય કે આ ફિલ્મમાં એક પણ ક્ષણ નવી નથી.

● છેલ્લે 'બે શરમ રંગ ગીત'ના કઢગાયણા વિશે અને એવું જ ફિલ્મને અંતે આવતું ગીત પણ કઢંગું છે. 'પઠાણ' ફિલ્મ વિશે એક જ વિશેષણ વાપરવું હોયતો એમ કહી શકાય કે આવી ફિલ્મ મોં માથા વગરની કઢંગી ફિલ્મ છે.

# ફેંગશુઇ અને વાસ્તુ



વાસ્તુ અને ફેંગશુઇ

હિતેશ પટેલ

ફેંગશુઈ એક કલા છે અને તેમાં અનેકવિધ વસ્તુ નો પ્રયોગ થાય છે જેમાં દર્પણ પણ એક આધારભૂત સાધન છે જે વાસ્તુ માં અને ફેંગશુઈ માં વપરાય છે. આજે આવા કેટલાક મિરર વિશે જાણીશું.

૧-ગણપતિ બાગુઆ- ઘરની અંદર કિચન ખોટી દિશામાં બનેલું હોય તેમ જ મુખ્ય દ્વારની સામે કિચન દેખાતું હોય કે કિચનમાં અગ્નિ અને પાણી એક જ સ્લેબ પર આવેલા હોય અને કાળા ગ્રેનાઈટ નો ઉપયોગ કરવામાં આવેલો હોય તો આ કિચનમાં બનતો એક વાસ્તુ દોષ છે.તેને ઠીક કરવા માટે ગણપતિ બાગવા લગાવવામાં આવે છે. જે કિચન ના દરવાજા પર કે દીવાલ પર લગાવવાના હોય છે.ગણપતિ બાગુઆ માં પણ અષ્ટ કોણીય રચના હોય છે .પાકુઆ અને ગણપતિ બાગુઆ માં અંતર એ હોય છે કે પાકુઆ માં મધ્ય માં યીન અને યાંગ હોય છે જ્યારે ગણપતિ બાગુઆ માં મધ્ય માં ગણપતી હોય છે.તે વજન માં ખુબજ હલકા હોય છે.સહેલાઈથી લગાવી શકાય છે.

૨-પા-કુઆ દર્પણ- પાકુ-આ દર્પણ એ વાસ્તુમાં અને ફેંગશુઈ માં ખૂબ જ મહત્વની વસ્તુ ગણાય છે. તે મુખ્ય દ્વાર પર લગાવવામાં આવે છે. જેથી મકાનની બહારની બાજુએ







આવેલા વાસ્તુદોષનું નિવારણ કરી શકાય.વળી તે ઘરની અંદર નકારાત્મક ઊર્જાનો પ્રવેશ અટકાવે છે અને હકારાત્મક ઊર્જા નો પ્રવેશ કરાવે છે. સાથે-સાથે તેની અષ્ટકોણીય રચના આઠે દિશાઓના દોષને દૂર કરી શકે છે.આ દર્પણ એવી રીતે લગાવવું કે આવનાર નું પ્રતિબિંબ એમાં પડે.તેમાં એક અષ્ટ કોણીય કાચ હોય છે અને તેની આઠ બાજુ હોય છે.તેની આજુ બાજુ ફેંગશુઈ રેખાઓ હોય છે.તે લાકડા ની ફ્રેમ માંથી બનાવામાં આવે છે અને લાલ.લીલો.પીળો કાળો અને વાદળી રંગ નો પ્રયોગ થાય છે. પાકુ-આ દર્પણ નો ઉપયોગ મુખ્ય દ્વાર ,બાથરૂમ ના દરવાજા અને બેડરૂમ ના દરવાજા પર લગાવીને કરી શકાય છે.આવા મિરર વજન માં હલકા હોય છે જે સામાન્ય સ્થિતિ માં ચોટી જાય છે.

૩-ઈન્ટર્નલ પા-કુઆ- ઈંટરનલ પાકુ-આ મિરર દરવાજાની અંદરની બાજુએ લગાવવામાં આવે છે. જે મુખ્ય દ્વાર પર પા-કુઆ દર્પણ લગાવવામાં આવે છે એ જ મુખ્ય દ્વારની પાછળની બાજુએ ઈન્ટર્નલ પાકુઆ મિરર લગાવવામાં આવે છે. આ મિરરની વચ્ચે એક પિરામિડ ચીપ લગાવેલી હોય છે. બહાર લગાવેલ પાકુ-આ મીરર નેગેટિવ ઉર્જાને અંદર આવવા દેતો નથી. ઈન્ટર્નલ પાકુઆ અંદરની પોઝિટિવ ઉર્જા ને બહાર જવા દેતા નથી આ એની મુખ્ય થીમ છે, જેને લગાવવાથી ઘરમાં પોઝિટિવ ઉર્જા બની રહે છે. એટલે પા-કુઆ દર્પણ ની પાછળ ઈન્ટર્નલ પા-કુઆ જરૂર લગાવવો જોઈએ .જેનાથી પરિણામમાં વધારો જોવા મળી શકે છે.તેમાં ફેંગશુઈ ની લાઈન દોરેલી હોય છે.તેને સહેલાઈ થી લગાવી શકાય છે.

-hits8483@gmail.com

# "લાગણીઓ વ્યક્ત કરવા શબ્દો જડે નહીં.... આવે સામે ને ધબકાર ચૂકી જવાય એમ પણ બને "



એમ પણ બને !

પારૂલ અમિત

સદીઓથી અવિરત ચાલ્યો આવતો મનમાં શરમના થનગનાટની અનુભિતી કરાવતો શબ્દ એટલે પ્રેમ.......

જે ક્ષણે પ્રેમની અભિવ્યક્તિ થાય છે તે ક્ષણ વેલેન્ટાઇન ડે બની જાય છે..

"ભરી છે નજાકત આ તારા પ્રેમમાં છલોછલ
માનું છું એણે જ આ જીંદગી બનાવી હશે"

હૃદયને સ્પર્શતો મધુર અહેસાસ એટલે પ્રણય,

ફેબ્રુઆરીનું પ્રથમ સપ્તાહ એટલે પ્રેમનું સપ્તાહ.અત્યારનું વાતાવરણ જોઈ જૂની પેઢી ને સવાલો થાય કે પ્રેમના તો ડેયસ હોય કંઈ? પ્રેમ તો રોજે રોજ હોય જ ને આપણાં સાથી પ્રત્યે.

પરંતુ અત્યારની ભાગદોડ ભરી ટાર્ગેટ વાળી જિંદગી માં આપણે (નવી પેઢી)પ્રેમના સ્વાદને એ સંવેદનાને તીવ્ર ઈચ્છા વૃત્તિ હોવા છતાં વ્યક્ત કરવામાં સહજ પણે કામની વ્યસ્તતામાં પ્રેમને ભોગવી કે ઉલ્લેખી શકતાં નથી,

એમ કહીએ કે સમય ફાળવી શકતાં નથી.

અને એ પણ સાચું આજની પેઢી મુક્ત પણે સ્વીકાર કરતી અને અસ્વીકાર કરતી થઈ ગઈ છે.અત્યારના કપલ કારકિર્દીમાં રચ્યાં પચ્યાં રહે છે. પરંતુ પ્રેમ માં એટલા જ અલ્લડ રહ્યાં છે.

ટીવી સિરિયલમાં આવતાં રોમેન્ટિક સીન અને રોમેન્ટિક લોકેશનમાં એ પણ ક્યાંક ને ક્યાંક આવું રોમાંચ શોધતા હોય છે. અપ ડાઉન કરતાં, ટાર્ગેટ બેઝના નોકરિયાત માટે ફેબ્રુઆરી મહિનો એટલે માર્ચ મહિનાના ક્લોઝિંગ, સ્કુલ ની નોકરી વાળાને રિટફ્રેઢ અને અન્ય ક્ષેત્રમાં વાર્ષિક હિસાબનું સરવૈયું પહેલાં ની જીવંત રાખતી પળો... આ સપ્તાહ એટલે

જીવનની ખૂબ મહત્ત્વની વ્યક્તિ સાથેની કબૂલાત, એકરારનો સમય.

સવાર પડે ત્યાં જ આપણે કેટલું બધું નફરતનું અને ટેંશન વાળું વાંચીએ છીએ અખબારોમાં.. ક્રાઈમની, લૂંટફાટની અને બેવફાઈની વાતો હોય છે.

આ બધાં થી દુર રાખતો મહિનો એટલે ફેબ્રુઆરી મહિનો. જેમાં વેલેન્ટાઈન વીકમાં આખી આખી જીંદગી જીવી લેતા યન્ગસ્ટર.

મારાં મતે પ્રેમ.... કોમળતાની બાબતમાં સ્ત્રી-પુરૂષ બંનેનાં હૃદય સરખાં હોય છે. આજકાલ બંનેને ખૂબ પ્રેમ અને સહાનુભૂતિની જરૂર છે.

**VALENTINE WEEK 2023**

- 7th Feb 2023 - Rose Day
- 8th Feb 2023 - Propose Day
- 9th Feb 2023 - Chocolate Day
- 10th Feb 2023 - Teddy Day
- 11th Feb 2023 - Promise Day
- 12th Feb 2023 - Hug Day
- 13th Feb 2023 - Kiss Day
- 14th Feb 2023 - Valentine's Day

નવ યુગલના સપ્તપદી ના સાત ફેરા ના વચન જેવા જ આ સેવન ડેઝ .. અને એ પછી ની ઉજવણી એટલે વેલન્ટાઈન ડે.

વેલેન્ટાઇન ડે દર વર્ષે ૧૪ ફેબ્રુઆરીએ ઉજવવામાં આવે છે.. વેલેન્ટાઇન ડે પહેલાનાં દિવસોને વેલેન્ટાઇન વીક તરીકે ઉજવવામાં આવે છે.

વેલેન્ટાઇન વીકનો પ્રથમ દિવસ રોઝ ડે તરીકે ૭ ફેબ્રુઆરીએ ઉજવવામાં આવે છે. તે પછીપ્રપોઝ ડે, ચોકલેટ ડે, ટેડી ડે, પ્રોમિસ ડે, હગ ડે અને કિસ ડે..

રોઝ ડે ના દિવસે પ્રિયજનને ગુલાબની સહાયથી તમે માટે કેટલું મહત્વ આપશો તે જાણી શકો છો, લાલ ગુલાબ રોમાંસ સાથે એકરાર પણ સંકળાયેલ હોય છે.આ દિવસ સાથે કપલ એનાં પ્રિયજન માટે વિવિધ રંગના ગુલાબ આપી લાગણીઓ વ્યક્ત કરે છે.

બીજો દિવસ એટલે ૮ ફેબ્રુઆરી એ એટલે પ્રપોઝ ડે એટલે એકરાર કરવાનો દિવસ.

૯ ફેબ્રુઆરી એ ચોકલેટ ડે. આ દિવસે કપલ પોતાની ખુશી એકબીજાને ચોકલેટ ખવડાવીને બનાવે છે.

આ દિવસે ચોકલેટી સ્વાદ સાથે જીવનભરની મીઠાશ પ્રેમ કરનારા એકબીજાને ભેટમાં આપે છે, ને ચોકલેટની મીઠાશમાં ખોવાઈ જાય છે ત્યારબાદ ૧૦ ફેબ્રુઆરીએ ટેડી ડે ઉજવે છે ચોકલેટ ની મીઠાશ માં ખોવાયા બાદ પોતાના વિચાર

અને લાગણી ને સોફ્ટ ટોય કે ટેડી બિયર ના રૂપે એક બીજા સાથે ઉજવે છે,

વેલેન્ટાઈન વીકમાં મહત્વપૂર્ણ દિવસ પ્રોમિસ ડે છે. પ્રોમિસ ડે ના દિવસે લોકો સંબંધ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને સમર્થન આપે છે અને ચોક્કશ સંબંધ ના વચનો આપે છે.

જ્યારે શબ્દો સાથ ના આપે ત્યારે અને શબ્દો નિષ્ફળ જાય છે, ત્યારે આલિંગન આવે છે. હગ ડે પર, કપલ એકબીજાને ભેટીને પ્રેમ ભાવ વ્યક્ત કરે છે.

વેલેન્ટાઈન વીકનો છેલ્લો અને મહત્વનો દિવસ એટલે કિસ ડે.

એક ચુંબન પ્રેમ રજૂ કરે છે. એક સરળ ચુંબન તમારા સાથીના દિવસને પ્રેમાળ બનાવી શકે છે.

વેલેન્ટાઈન વીકનો સૌથી રોમેન્ટિક દિવસ કિસ ડે માનવામાં આવે છે. પ્રેમ કરનાર કપલ્સ માટે આ દિવસ મહત્વનો માનવામાં આવે છે. આ દિવસે, પ્રેમ કરનાર કપલ્સ એકબીજાને કિસ કરે છે અને એકબીજા પ્રત્યે પોતાનો અવિરત પ્રેમ બતાવે છે.

એવું માનવામાં આવે છે કે કિસ કરવાથી હૃદય અને મન બંને ખુશ થાય છે. એક કિસ લોકોને યુવાન બનાવે છે અને બે લોકો વચ્ચેનું અંતર દૂર કરે છે. કિસ કરવાથી થાક અને તણાવ પણ ઓછો થાય છે. તે વ્યક્તિની મનોદશાને પણ સુધારી શકે છે. જેથી વેલેન્ટાઇન વીકમાં કિસ ડેનું ખૂબ મહત્વ હોય છે.

વેલેન્ટાઈન્સ ડે જે દિવસે પ્રેમીઓ એકબીજાને વેલેન્ટાઈન્સ કાર્ડ્ઝ, ફૂલો અર્પણ કરીને તેમજ સ્વીટની આપ-લે કરીને પોતાના પ્રેમની અભિવ્યક્તિ કરે છે.

"મારામાં તું સતત જીવે છે,
દિલના ઊંડાણમાં તું જ
એક માત્ર પ્રેમની સંવેદના સમો
મારાં માં જિંદગી બની ઉગી નીકળે છે,
હું શ્વાસ લઉં ને તું જ
મારાં માં શ્વસ્યા કરે છે,

- Parulamit198@gnail.com
૭૨૦૧૦૦૧૪૮૨

# "સૌંદર્ય એક સ્થિતિ છે, અવસ્થા છે, હોવાપણું છે..."



જાત સાથે વાત

ધર્મેન્દ્ર ત્રિવેદી

મનને ગમ્યુ તે સુખ, ન ગમ્યુ તે દુખ. મનને ભાવે તે સુંદર, ન ભાવે તે અસુંદર? તો પછી માલિક કોણ, મન કે તમે? માત્ર શારીરિક વિશ્વમાં જીવતા અને કેવળ પોતાના જ દૃષ્ટિકોણથી શેષ દુનિયાને મુલવીને પોતાની જાતને બુદ્ધિશાળી પ્રાણીમાં ખપાવતા માનવોથી આ પૃથ્વી ભરેલી છે. કોઇ નવલકથામાં વાંચેલી એક અભિવ્યક્તિ અંતરમનમાં ઉતરી ગયેલી. "ચામડીના ઉપરના સ્તર પર જીવતો માનવ". આજના માનવીને મહદ્અંશે સ્પર્શતું આ કટુ તથ્ય કેટલું વાસ્તવિક છે! વાત કરવાની છે સૌંદર્ય વિશે, તો વાતની શરૂઆત સ્વભાવિક રીતે શારીરિક સુંદરતાથી જ કરવી પડે. ચાલો એક પ્રયોગ કરીએ; આંખો બંધ કરીને સૌંદર્યની આપણી અંગત વિભાવનાને મૂર્તિમંત કરવા માટે કલ્પનાના ઘોડાને છુટ્ટી લગામ આપીએ. ભારતીયોના અંતરમનના પડદે ઐશ્વર્યા રાય અને પાશ્ચાત્યવાસીઓના અંતરમનના પડદે શેરોન સ્ટોનની ઝલક જ જોવા મળી હશે. આપને શું દેખાયુ? કહેવાય છે કે લયલા એક એવી સ્ત્રિ હતી જેને કોઇ પુરૂષ સુંદર તો ન જ કહે, પણ મજનુની દીવાની આંખોમાં તે અપ્રતિમ સૌંદર્યમુર્તિ જ હતી.

આજે મારે સૌન્દર્યનો પોતાનો દૃષ્ટિકોણ રજૂ કરવો છે. શૈશવમાં જ્યારે હું નહોતો પુરૂષ કે નહોતી સ્ત્રિ, મનોવિભાજનના તર્કથી દૂર રહેવાની સદ્ભાગી વય હતી. હતો તો માત્ર એક ધબકતો જીવ. ખેતરો ખુંદી આલેચની ડુંગરીઓનું આરોહણ કરતા. ડુંગરની ટૂંક પર પહોંચી ચડેલો હાંફ ઉતારવા એકાદ પથ્થરશિલા પર બેસી આંખો બંધ કરતો ત્યારે ધમણની માફક ચાલતા શ્વાસ, આંખોની નસોમાં ધસમસ વહેતું રક્ત પણ બંધ આંખે દેખાતું. પોતાના કાનમાં ખુદના શરીરયંત્રની અનુભુતિ આસપાસના પર્યાવરણની ચોગરદમ સુંદરતાના ગહનત્વને વધારે પ્રબળ બનાવતી. આવી પ્રત્યેક ક્ષણ કદાચ મને કુદરતની વધુને વધુ સમીપ લઇ જતી. ગામના પદરે વહેતી "ફુલઝર"ના બિલોરી રેતાળ જળમાં એક દિવસ શ્વાસ રોકી, ડુબકી લગાવી, તળીયે આંખ ખોલી, તો જોયું એક મુગ્ધ થઇ જવાય તેવું વિશ્વ. ત્યારે પ્રથમ વાર પ્રતીતિ થઈ કે રેતના પણ લાખો રંગો હોય છે. દુધિયા પાણીમાં દોડાદોડી કરતી સોનેરી, રુપેરી ઝીણી ઝીણી માછલીઓના વૃંદમાંથી એકાદી તમારી સમક્ષ આવી તમારી આંખોમાં આંખ નાંખી તાકી રહેતી જોઇ છે કદી? ત્યારે હૃદયમાં એક વિચાર ઉગ્યો, આ જ તો સાક્ષાત સ્વર્ગ છે. કોને મોક્ષ જોઈએ છે? શૈશવમાં આ સાક્ષાત્કાર મને ન થયો હોત તો કદાચ હું પણ બંધ પોપચાના પડદે ભ્રમણાઓમાં રાચતો હોત.

પ્રકૃતિનું આ પરમ સૌંદર્ય માત્ર પ્રકૃતિ સાથેના તાદાત્મ્ય અને તેના સહાસ્તિત્વમાંથી જ છલકતું હોય છે, ધબકતું હોય છે. પોતાના બાહ્ય સૌંદર્ય પ્રત્યેની સભાનતા આંતરિક સહજ સૌંદર્યને હણી નાખે છે. શૈશવથી આજ દિન સુધીની મારી જીવનયાત્રામાં સૌંદર્ય વિષેની મારી સતત બદલાતી જતી દૃષ્ટિ, અનુભૂતિને આંશિક તટસ્થતા અને નિર્લેપતાથી નીરખી શક્યો છું. સૌંદર્યને વિવિધ વર્ગોમાં વિભાજિત કરી તેનું વિશ્લેષણ કે વર્ગીકરણ કરવાની મૂર્ખતા હું કરવાને બદલે છેક હૃદયને ઉઝરડો પડે અને તોય "આહ" ને બદલે "વાહ"ની અનુભૂતિ કરાવતા એક બે દૃષ્યો અહીં ધરવા છે.

ગ્રીષ્મની ધોમધખતી બપોરે એક વૃક્ષ નીચે એક દૃષ્ય જોઇને હું અને મારા સ્કૂટરની બ્રેક, બંને ચોંટી જ ગયેલા. લીમડાના ઘટાદાર વૃક્ષ નીચે એક આદિવાસી મજૂર સ્ત્રી ખાડા ખોદતા ખોદતા બપોરના "બ્રેક"માં કદાચ ભોજન કર્યા બાદ આડા પડખે થયેલી. પહેરવેશમાં ઘાઘરી, પોલકું અને ઓઢણી. ડાબા હાથનું ઓશિકું બનાવી જમણા હાથને આંખ પર ઓઢી મીઠી નીંદર માણતી આ શ્રમજીવિનીનું દોઢેક વર્ષનું અડધું પડધું નાગું છોકરુ તેની પડખે પલાંઠી વાળી એક હાથ જમીન પર ખોડી બીજા હાથે માનું પોલકું અધ્ધર કરી પોતાની ભુખ ભાંગતુ હતું. ધૂળ ધમોયા મા-દીકરાના આ સાયુજ્યની નૈસર્ગિકતા આજે પણ મારા બંધ પોપચા પાછળ તાદ્રશ છે. તે દિવસે મને પ્રથમ પ્રતીતિ થઈ કે 'મા' એ માત્ર એક શબ્દ કે વ્યક્તિ નહીં પરંતુ એક અવસ્થા છે, ઘટના છે. ગર્ભવતી સ્ત્રીને તમે કદી ધ્યાનથી નીરખી છે? ભલે તે કાળી હોય કે સુંદર હોય, સ્થુળ હોય કે પાતળી હોય પણ પોતાની અંદર પાંગરી રહેલા પિંડ પ્રત્યેની મમતાનુ માધુર્ય તેના અંગેઅંગમાં અને સવિશેષ તો તેની આંખ અને સ્મિતમાં અવિરત છલક્યા જ કરતું હોય છે. 'માં એક અનુભૂતિ છે, સંબંધ નહિં.

બહુમાળી મકાનના બાંધકામની સાઈટ પર કામ કરતા મજુરોમાંની એક બાઇ, ટોળાથી વિખૂટી પડી એક હાથે રોટલો ખાતી અને બીજા હાથે કામચલાઉ બનાવેલ પારણામાં પોઢેલા પોતાના બાળકને હિંચોળતી જોઇ છે કદી? કોયલના બચ્ચાને પોતાનું ગણી પોતાની વાણી શિખવતા કાગડાને, જ્યારે તે બચ્ચું કુ . . .હુ . . . કુ . . . હુ . . . બોલી આઘાત આપે ત્યારે કાગડાને થતી અકળામણમાં પ્રકૃતિએ આચરેલા એક કટુ-મધુર સમાયોજનના સૌંદર્ય ઝળકે છે. કોઇ કાળિયું કદરૂપું સંતાન ધીંગામસ્તી કરતું કરતું પોતાની માના ગળે વિંટળાઇ પડે ત્યારે મા-સંતાનના એકરૂપ થઇ વહેલા આનંદના સૌંદર્યના સહભાગી, સાક્ષી બન્યા છો? અદ્વૈત બીજું કંઇ કેવી રીતે હોઇ શકે ? અદ્વૈતવાદને પોથીમાં કેમ શોધો છો મિત્રો ? એકદા ઢળતા સૂરજની સામે રતુમડા અજવાસમાં ખખડી ગયેલી સાયકલના કેરિયરમાં દાતણનો ભારો બાંધી એક યુવક પોતાને પત્નીને સાયકલની ફ્રેમ પર બેસાડી મસ્તીથી પોતાના કુબા ભણી જતો હતો. તેણે આગળ બેઠેલી પત્નીના કાનમાં કંઇક કહ્યુ અને તે તન્વીશ્યામા ખિલખિલાટ હસી પડી. દુનિયાથી આગવી પોતાની અલિપ્ત દુનિયાના આ મહારાજા અને મહારાણીનો આ ખિલખિલાટ, સાક્ષાત સૌંદર્ય નહીં તો શું છે ?

સૌંદર્ય સ્થિતિ, હોવાપણું કે એક અવસ્થા ભલે હોય, પરંતુ તેની ઉત્પત્તિ તો હરદમ વ્યક્તિ, પ્રાણી કે પરિસ્થિતિજન્ય લાગણીની ભીનાશ, પ્રેમના આવિર્ભાવમાંથી જ થતી હોય છે. તેને કોઇની માન્યતા, સ્વિકાર કે સમર્થનની જરૂર નથી. જરૂર જો કોઇ વાતની હોય, તો તે છે તમારા પોતાના અસ્તિત્વની સુંદરતાની.

**હેન્ડબ્રેક:**

તમારી આંતરિક અનુભૂતિ જ સૌંદર્ય છે
તે સૌંદર્ય તમારી આંખોમાંથી છલકે છે.

- સોફિયા લોરેન

djtrivedi@yahoo.com
મો : ૯૯૭૮૪૦૫૯૬૭